જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૯/૨૦૨૩  મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૪૬૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૨ કેસ કરી, ૮૩ વ્યક્તિઓને ઝડપી, ૧૭૩૧ લીટર દેશી દારૂ, ૪૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૨ બિયર ટીન, ૧ કાર, ૨રિક્ષા અને ૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧૪ કેસ કરી, ૭૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮,૦૭,૮૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૪૬૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી:-  સમાચાર યાદી નં.૧૪૬૩/૨૦૨૩

**બાપુનગરઃ** રમેશભાઇ ભીમજીભાઇ પટેલ(ખુંટ) (ઉ.વ.૫૪)(રહે,હરીઓમ સોસાયટી, ઈન્ડિયા કોલોની, વિધ્યાનગર સ્કૂલ પાસે, ઠકકરબાપાનગર રોડ બાપુનગર) એ તા.૦૪/૦૯/૨૦૨૩ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૧/૨૦૨૨ થી તા.૦૪/૦૯/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) દર્શીત સંજયભાઇ રૈયાણી (રહે, દોલતપુરા જૂનાગઢ (૨) નિખિલ બાજરીયા અને (૩) જે.કે.ભાઇ જેના પૂરા નામ સરનામાની ખબર નથી તે) એ ભેગામળી રમેશભાઇના પુત્રને યુનિવર્સીટી ઓફ વેસ્ટ લંડન ખાતે એડમીશન માટે ફોરેક્ષના માધ્યમથી લંડનની કોલેજમાં ફી ભરાવી આપવાનું કહી, રમેશભાઇના SBI બેંકના ખાતામાંથી રૂપિયા ૫,૫૨,૦૦૦/- અને તેમની પુત્રીના એકસીસ બેંકના ખાતામાંથી રૂપિયા ૬,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૧,૫૨,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરાવી લઇ યુનિવર્સિટી ઓફ વેસ્ટ લંડન ખાતે ભરવાની થતી ફી પોતાના બેંક ખાતામા મેળવી લઇ, રમેશભાઇને આજદિન સુધી રૂપિયા પરત નહી ચૂકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૪/૨૦૨૩**

**શાહીબાગઃ** અભિષેક ઉર્ફે સતિષ સ/ઓ વિરચંદજી જૈન (રહે. જયમંગલ રેસીડેન્સી બારમો માળ સરકારી બહુમાળી ભવનની બાજુમાં ગિરધરનગર સર્કલ પાસે શાહીબાગ) એ તા.૦૪/૦૯/૨૦૨૩ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૮/૨૦૨૩ સાંજના ૭/૩૦ થી તા.૨૮/૦૮/૨૦૨૩ સવારના ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું લોક ડુપ્લીકેટ ચાવીથી ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૧૭,૪૮,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૨,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૯,૯૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.ડી.ચંપાવત ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૫/૨૦૨૩**

**કાગડાપીઠઃ** પરેશભાઇ મહેશભાઇ સોની (ઉ.વ.૫૦) (રહે. કનક સોસાયટી પારસી અગિયારી સામે કાંકરીયા) તા.૦૪/૦૯/૨૦૨૩ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે વેદ મંદીરના ખાંચામા ખોજા સોસાયટી સામેથી એકટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે સ્પ્લેન્ડર મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ પરેશભાઈ સોનીના ગળામાંથી સોનાનો દોરો પેડલ સાથે કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ પરેશભાઈ સોનીએ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

**ચોથા માળેથી પડી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૬/૨૦૨૩**

**નરોડાઃ** નરોડા મુઠીયા એસ.પી. રીંગ રોડ મીરા અંબિકા કન્સ્ટ્રક્શન કંપનીની નવી બનતી સાઇટ ખાતે મજુરી કામ કરતા અને ત્યા જ રહેતા રીટાબહેન રાજુભાઇ ભુરીયા (ઉ.વ.૧૮) (મુળ વતન. ગામ-ઉચવાણીયા તા.જી.દાહોદ) તા.૦૪/૦૯/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે સાઈટ ખાતે ચોથા માળે કામ કરતા હતા ત્યારે ચોથા માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૧/૨૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશભાઇ સુકાભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૭/૨૦૨૩**

**ગોમતીપુરઃ** રાજુભાઇ મોહનભાઇ ચાવડા (ઉ.વ.૫૦) (રહે. મગન કુંભારની જુની ચાલી નગરી મીલ સામે રેલવે કોટ પાસે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૯/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ વસંતભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી